ગાઓ રે મન... યોગીના જશનાં ગીત...
ગાઓ રે મન... નાચો રે તન...

અનુપમ ગાથા, સંત મહિમાની,
નિશદિન ગાઈ, જીવનને ધન્ય બનાવી...
રૂડા અવસર આવ્યા, આંગણ આજે કરો ઉજવણી...
કરી સાધુ સંગે પ્રીત, ગાઓ જશનાં ગીત...
આ છે પ્રભુભક્તિની રીત, ગાઓ જશનાં ગીત...
ગાઓ રે મન... નાચો રે તન...

પ્રગટ ગુરુ શરણે, સમર્પિત રહીને,
જ્ઞાન ભક્તિથી સેવા સુમિરન કરીએ...
અંતર આનંદે, સ્વામિનારાયણ મંત્ર ગુંજવીએ,
રહી મૂર્તિમાં તલ્લીન, ગાઓ જશનાં ગીત...
પ્રભુ પ્રસન્નતાની રીત, ગાઓ જશનાં ગીત
ગાઓ રે મન... યોગીના જશનાં ગીત...
ગાઓ રે મન... નાચો રે તન...